# Official Spokesperson’s response to media queries on comments regarding Jammu and Kashmir during recent joint press conference of the Foreign Ministers of Germany and Pakistan

# તાજેતરની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જર્મની અને પાકિસ્તાનનાં વિદેશ મંત્રીઓની જમ્મુ અને કાશ્મિર સંબંધિત ટિપ્પણીઓ પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

08 ઓક્ટોબર, 2022

**તાજેતરની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જર્મની અને પાકિસ્તાનનાં વિદેશ મંત્રીઓની જમ્મુ અને કાશ્મિર સંબંધિત ટિપ્પણીઓ પર મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું કે:**

"વૈશ્વિક સમુદાયનાં તમામ ગંભિર અને પ્રામાણિક સભ્યો આંતરરાષ્ટ્રિય આતંકવાદ અને ખાસ કરીને સીમા-પારનાં આતંકવાદ સામે અવાજ ઉઠાવવાની ભૂમિકા અને જવાબદારી ધરાવે છે.

ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મિરે દાયકાઓ સુધી આવા આતંકવાદી અભિયાનનાં ઘાવ વેઠ્યા છે. તે આજદીન સુધી ચાલું છે. ભારતનાં અન્ય ભાગોની જેમ જ ત્યાં પણ વિદેશી નાગરિકો પણ ભોગ બન્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અને FATF હજું પણ જઘન્ય 26/11 હુમલાઓમાં સામેલ પાકિસ્તાન-આધારિત આતંકવાદીઓનો પીછો કરી રહ્યા છે.

જ્યારે રાજ્યો સ્વ-હિત અથવા ઉદાસીનતાનાં કારણો આવા ખતરાઓની ઓળખ કરતા નથી, ત્યારે તેઓ શાંતિનાં કાર્યને નજરઅંદાજ કરે છે, નહીં કે તેનો પ્રચાર કરવો. તેઓ આતંકવાદનાં પિડીતોને ગંભિર અન્યાય પણ કરે છે.”

**નવી દિલ્હી**
**08 ઓક્ટોબર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.